સાલ : ૧૪ / સિલસિલાવાર નંબર : ૧૩૭ / શુમારો : ૫

કુલ પાના - ૮

مشكوة الهادي

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.

રમઝાનુલ મોઅઝ્ઝમ-શવ્વાલુલ મુકર્રમ ૧૪૩૮ / જૂન-જૂલાઇ ૨૦૧૭

# ફઝાઈલ : શહરૂલ્લાહિલ મોઅઝ્ઝમ

અલ્લાહતઆલાના મહિના મહેમાન બનીને હમારે દરમિયાન પધારી ચુકા છે. અલ્લાહના પોતાના મહિના છે, તેથી એની શાનાત બુલંદ છે અને ફઝાઈલ અઝીમ છે. કોઈ પણ મહિના સાથે આ મહિના સિવાય અલ્લાહતઆલાનું નામ જોડાયેલું નથી, તેથી આ મહિના તમામના સરદાર છે, રઈસ છે. આ મહિનાની સિફતો-સનામાં ઘણાં બયાનો આવેલા છે. જ્યારે કોઈ કૌમનો સરદાર હોય છે, તો એની લુત્ફો કરમની નઝર એની કૌમ તરફ ઝિયાદહ હોય છે. તે જ મુતાબિક આ મહિનાની બરકત અને નઝરે કરમ બીજા મહિનાના દીનો પર ઘણી ભારી છે. રજબ મહિના એક પેહરેગીર મુજબ, શાઅબાન મહિના એક વઝીર મુજબ અને શહરો રમઝાન અમીર મુજબ છે. તેથી અલ્લાહતઆલાએ વરસના ૧૧ મહિનાઓની તમામ ખૈરોખુબી તેના આ મહિનામાં સમાવી દીધી છે. આ મહિનો બંદાઓને દાઅવતે અમલ આપે છે.

અલ્લાહતઆલાએ કુરઆને કરીમમાં શહરો રમઝાન સિવાય કોઈ મહીનાને યાદ ફરમાવા નથી. આ મહિનાની ઝિક્ર ની શરૂઆત અલ્લાહતઆલા એના નામથી જ કરે છે. ફરમાવે છે કે, આમાં કુરઆન નાઝિલ કીધા ગયા છે. સુરએ બકરાહની ૧૮૫ મી આયતમાં ઈરશાદે ખુદાવંદી થાય છે કે, શહરો રમઝાન તે છે કે, જેમાં કુરઆન નાઝિલ કરવામાં આવા, જે લોગો વાસ્તે હિદાયાત છે અને હક્ક અને બાતિલમાં ફરક કરનારી રોશન નિશાનીઓ છે. પછી કોઈ શખ્સ આ મહિનાને પરામે તો તેમાં રોઝા રાખે અને કોઈ શખ્સ મરીઝો બીમાર હોય યા કે સફર પર હોય તો એટલા જ રોઝા બીજા ઐયામમાં ગીનતી કરી રાખે. અલ્લાહતઆલા તમારી સહેલાઈનો ઈરાદો કરે છે, સખતીનો નહિ. તેથી તમે ગીનતી ને પૂરી કરો અને અલ્લાહ ની તકબીરને બુલંદ કરો. એ વાતને વાસ્તે કે તમને હિદાયત આપી અને કાશ કે, તમેં અલ્લાહનો શુક્રિયો અદા કરો.

મઝકૂર આયતથી સાબિત થાય છે કે, અલ્લાહતઆલાએ શહરો રમઝાનને નુઝૂલે કુરઆનથી જોડેલા છે. જે કુરઆનમાં દીનો દુનિયા વાસ્તે હિદાયત અને હક્કો બાતિલની માઅરેફત છે. યાઅની કે જો શહરૂલ્લાહ એકલા હોય અને એમાં કુરઆન નાઝિલ ના થયા હોય તો શહરૂલ્લાહની ઈબાદતોમાં ઝરૂર કમી રહી જાય. યાઅની કે કુરઆન થી જ શહરૂલ્લાહની ઈબાદતો ની ફઝીલત અને એહમીયત સાબિત થાય છે. કુરઆન આમ તો હિદાયત વાસ્તે જ છે. પણ શહરૂલ્લાહ માં કુરઆનથી કઈ તરહની હિદાયત લેવાનું ફરમાન છે ? કુરઆનમાં અમલી ઈબાદતો કે જે બંદાને બજાવી લાવવાની છે, એની ઝિક્ર અલ્લાહતઆલાએ ફરમાવી છે. એનું બયાન વાઝેહ અને સાફ છે. મસલન પાકી-તહારત, સલાત-નમાઝ, રોઝા અને ઝકાત છે અને શરીઅતે ઈસ્લામના આ ૪ અરકાનની બયાનીને વાસ્તે ઘણી આયતે શરીફહ કુરઆને કરીમમાં દરજ થયેલી છે કે, જે મોહતાજે તાઅવીલ યા શરેહ નથી. તો અલ્લાહતઆલાનો મકસદ અને મનશા મઝકૂર આયતમાં હિદાયત અને ફુરકાન વાસ્તે કોઈ અલગ અને ખાસ જ છે.

ઈસ્માઈલી તૈયેબી અકીદા અને ઊસૂલમાં તેમજ શરીઅતના અરકાનની ગીન્તીમાં સાત થાંભલાનું બયાન આવેલું છે. એમાં ફક્ત હજ્જનો રૂકન જ શહેરૂલ્લાહમાં બાકી રહી જાય છે. બીજા તમામ છ અરકાનની કુલ્લી તૌર પર આ મહિનામાં અદાએગી સમાયેલી જ છે. આ શહરૂલ્લાહના અમલો અને શરીઅતના અરકાનની અદાએગી ના ફરમાનો માં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) આપની આલે અત્હર તરફથી તફસીલ વાર બયાન વારિદ થયેલા છે.

ઝમાનાના ઈમામની વલાયત અને એના અમર અને હુકુમની ફરમાબરદારી આ મહિનાના આઅમાલની સાંસ અને

(બકીયાહ પેજ નં. ૪ પર)

**અહલે બૈત (અ.સ.) નું ઈલ્મ હમારી અક્લો વાસ્તે રોઝી છે.**

# અલવી, હુસૈની અને તૈયેબી સફર

હુઝૂરેઆલી સૈયેદના હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) ની રઝા મુબારકના સાયામાં અને આપની નઝરે લતાફતનો પરચમ ઉચકીને શાઅબાનુલ કરીમની પહેલી રાતે મુકાસિરે મુત્લક સૈયેદી મોહંમદ નૂરૂદ્દીન સાહેબ (દા.મ.) ની સદારતમાં નજમે સાકિબના ઉન્વાનને માતહત ૯૫ મુમેનીન-મુમેનાત નો કાફલો કરબલાએ મોઅલ્લા અને નજફે અશરફ ની ઝિયારાતે મુકદ્દેસાત વાસ્તે મુંબઈથી રવાના થયો. ૧૦ અય્યામ ઈરાકમાં રહ્યા બાદ ૧૮ મુમેનીને મુકાસિર મૌલા સાથે મિસિર મુબારકમાં અલ-કાહેરતુલ મોઈઝ્ઝીયહ (કૈરો) ની ઝિયારતો વાસ્તેનો ૬ અય્યામનો સફર ઈખ્તિયાર કીધો.

આ એક હસીન ઈત્તેફાક હતો કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના મહીનામાં આટલી મોટી તાઅદાદમાં સાહેબે દાઅવતની ઝૈરે નિગરાની અને હુસ્ને નિઝામ મુમેનીને ઝિયારતે મુબારકહનો કસ્દ કીધો. કાફલા તો ઘણા જાય છે, ઝાતી તૌર પર ઘણા મુમેનીન જાય છે, પણ જે કાફલામાં સાહબે દાઅવત શરીકો શામિલ હોય, તો તેની ચીઝ જ કઈ અલગ હોય છે. હર જગા પર કામિયાબી મુમેનીનના કદમ ચુમે છે. સાહેબે મઝાર અને માલિકે રૌઝહ મુમેનીન ઝાએરીન વાસ્તે વસીલહ બનીને ઝિયારતના તમામ અસ્બાબ બનાવી આવે છે. ફકત પાસપોર્ટ આપી, પૈસા ભરી, બેગ તૈયાર કરી સફર પર નિકલી પડવું કાફી નથી, પણ તેના વાસ્તે પુખ્તા તૈયારી કરવી, નિય્યતે સાદેકહ કરવી, ઝિયારતના આદાબ જાણવા, સાહેબે ઝિયારતની તારીખો હકીકત જાણવી, સલામો શહાદતની દોઆ પઢવાની તૈયારી કરવી, સાહેબે દાઅવતના દરસમાં આવી ઝિયારતને લગતી તમામ માઅલૂમાત હાસિલ કરવી, ઝિયારત વાસ્તે જાવાનું નક્કી થાય તો પહેલામાં પહેલા દાઅવતે શરીફહની ઓફિસથી મનસક લેવી, જે જે ઘરના મેમ્બરો, રિશ્તેદારો કે ઝિયારતની અરઝ કરનાર મુમેનીનનું લિસ્ટ બનાવવું કે જેની ઝિયારત નામ લઈને કરી શકાય, ખતાઓની બખ્શિશ વાસ્તે વસીલહની નિય્યત કરવી, વગૈરહ ઝરૂરી છે. આના સિવાય, જો કોઈ આ મુકદસ મકામાત તરફ ઈરાદો કરે તો તે ઝિયારત નાકિસ અને બેમાઅના ગિનાશે.

જે મુમેનીન-મુમેનાત આ વક્ત નજમે સાકિબના માતહત ઝાએરીન બના અને આ પહેલા જેટલા કાફલાઓમાં દાઅવતે શરીફહના રઝાના સાહેબ મૌજૂદ હતા, તે તમામનો એક જ કૌલ અને એક જ હુજ્જત છે કે, ઝિયારત વાસ્તે કસ્દ કરવો તો તે ગિરોહમાં શરીક થાવું કે, જેમાં રઝાના સાહેબ હાઝિર હોય. નહીં તો તમામ ચીઝ અધુરી અને બેકાર છે. કોઈ માઅરેફત અને ઈખ્લાસ બગૈર આમને આમ ઝિયારત વાસ્તે જાવું એક મોટી ખતા છે. મુકાસિર મૌલાની સદારતમાં જે ઝાએરીન કરબલા-નજફ-મિસિર પધારા તે આ હકીકત અને સચ્ચાઈના કાઈલ છે. હઝારો રૂપિયા ખર્ચીને કોઈ જાય, ને ઝિયારતની એહમીયત અને વકાર અપના અકીદા અને નઝરીયા મુજબ ના જાણે તો એ બગૈર મંઝિલ ના મુસાફિર જેવો છે.

નજમે સાકિબના ઝાએરીનનો ઈકબાલ એવો બલંદ હતો કે, મુકાસિર મૌલાની તદબીરો કોશિશના સબબ આપે મુમેનીનને હર જગા ઈમામતની નમાઝો પઢાવી, પછી તે હરમે હુસૈની હોય, હરમે અલવી હોય, હરમે અબ્બાસી હોય, સહેન હોય, હોલ હોય, મુખ્તલિફ મકામાત હોય, મસ્જિદો હોય, યા ખુલ્લી જગાઓ હોય. આપે મુખ્તલિફ સાહેબોના મઝારો પર વસીલહની નમાઝ પઢાવી, ખાસ કરીને કૂફાની મસ્જિદ અને મિસિરના મકામાત પર. મૌ.ઈમામ હુસૈન (અ.સ.) ની વિલાદત બા-સઆદતનો દિન, ૪૪ માં દાઈએ મુત્લક સૈ. તૈયેબ ઝિયાઉદ્દીન સાહેબ (ક.રૂ.) નો પહેલો ઉર્સ મુબારક અને ૪૨ માં દાઈએ મુત્લક સૈ. બદરૂદ્દીન સાહેબ (ક.રૂ.) નો ઉર્સ કરબલામાં નસીબ થયો. મિસિરમાં શબે બરાત-લયલતુન્નિસ્ફ ની નમાઝ મયસ્સર થઈ. આપે હર જગા પર આયતુલ કુરસી પઢીને મુમેનીન વાસ્તે દોઆ ફરમાવી, મજલિસો આરાસ્તા કીધી, તારીખી મીકાત અને મોઅજિઝા બયાન ફરમાવા, મરહૂમીનના ફાતેહા પઢા, (બકીયાહ પેજ નં. ૩ પર)

**નિસ્ફિલ્લૈલની નમાઝ અંધારી રાતમાં પૂનમના ચાઁદ જેમ છે.**

(પેજ નં. ૨ નું બાકી)

મરસીયા-ખ્વાની અને નૌહા-ખ્વાની થઇ,ખૈરૂલ અનામ અને અઝઝમલ્લાહની બરકાત મુમેનીનેને હાસિલ કીધી, સુકૂનો ઈત્મિનાન થી હર ઝરીહને લિપટીને વસીલહ અને દોઆ થઇ. ખુદાતઆલાના ફઝલો કરમથી અને આકા મૌલાની કરમબખ્શીથી ઝિયારતે તાહેરહ ના તમામ અરકાન બાખૂબી અદા થયા. ઝિયારતના સબબ મુમેનીન, નફસાની-અક્લી તરક્કી, રિઝક, ફઝલ, શિફા, શરફ અને નજાતના જૌહરોથી મુનવ્વર થયા. ખુશ સીરત અને પાક સૂરતથી ઝીનતદાર થયા. નૂરો બરકતની બારિશે પાકીઝાથી તરબતર થયા.

૧૦ અય્યામમાં કરબલા-નજફ-કૂફામાં મુકાસિર મૌલાએ મુમેનીનેને જે જે ઝિયારતો અને મકામાતો થી બરકાત હાસિલ કરાવી તે છે, ઝરીહે મૌ.ઈમામ હુસૈન - મૌ. અલી અકબર - મૌ.અલી અસગર, ઝરીહે મૌ.હબીબ ઇબ્ને મઝાહિર, ઝરીહે શોહદાએ કરબલા, કત્લગાહે સૈયેદુશ્શોહદા, ઝરીહે મૌ.અબ્બાસ અલમબરદાર, મકામે શહાદતે મૌ.અલી અકબર, મકામે શહાદતે મૌ.અલી અસ્ગર, મકામે કત્એ દસ્તે મૌ.અબ્બાસ અલમદાર, વાદીએ મૌ. ઈમામ અસ-સાદિક, નહેરે અલકમા, તિલ્લે મૌ.ઝયનબ, ખૈમાગાહે અહલે બૈત, તિફલાને મૌ.મુસ્લિમ-મૌ.મોહંમદ અને મૌ.ઈબ્રાહીમ (મોસય્યબમાં), મૌ.કુમૈલ બિન ઝિયાદ, મૌ.અહનફ બિન કૈસ, મૌ.કૈસ બિન મુશ્હિર, મકામે રાસુલ હુસૈન (મસ્જિદે હન્નાનહ), મસ્જિદે સાઅસહ બિન સૌહાન, મૌ.રૂશૈદ અલ-હુજરી, મૌ.સલમાનુલ ફારસી (મદાઇનમાં), મૌ.બોહલૂલ દાના અને મૌ.યૂશઅ બિન નૂન (બગદાદમાં), મૌ.અય્યૂબ નબી, મકામે વિલાદતે મૌ.ઈબ્રાહીમ ખલીલુલ્લાહ, મૌ.ખિઝ અને ઝુલકિફલ, જામએ બુરાસા, ઝરીહે અમીરૂલ મુમેનીન મૌ.અલી સાહેબે ઝુલફિકાર (નજફમાં), વાદીયુસ્સલામ, મકામે મૌ.ઈમામ અસ-સાદિક, મૌ.હૂદ અને મૌ.સાલેહ, ઝરીહે અલવી માં મૌ.આદમ અને મૌ.નૂહ, મૌ.મેઅસમે તમ્માર (કૂફામાં ), મૌ.હાની બિન ઉરવહ, મૌ.મુસ્લિમ બિન અકીલ, મહેરાબે મસ્જિદે કૂફા-મકામે ઝરબતે મૌ.અલી, મકામાતે અંબિયા અને મલાએકત, બૈતે મૌ.અલી વગૈરેહ સલવાતુલ્લાહે અલયહિમ અજમઇન.

૬ અય્યામમાં અલ-કાહેરતુલ મોઇઝ્ઝીયહ (કૈરો) માં જે જે ઝિયારતોથી મુમેનીન શરફયાબ થયા તે છે, ઝરીહે રાસુલ હુસૈન, બાબુલ ફરાદીસ કે જેમાં ૭ અઈમ્મતના તાબૂતુસ્સકીનહ મદફૂન છે, ઝરીહે મૌ.ઝયનબ (ખ્વાહરે ઈમામ હુસૈન), ઝરીહે મૌ.નફીસહ (મૌ.ઈમામ હસનની ઔલાદમાંથી), ઝરીહે મૌ.રૂકય્યહ (મૌ.મુસ્લિમ બિન અકીલ ના બૈરો), જામએ અઝહર, જામએ અન્વર, જામએ અકમર, જામએ જુયૂશી, જામએ લુઅલુઅ, જામએ ઈબ્ને તુલૂન, બાબુલ ફુતૂહ, બાબુન્નસ્ર, નબી દાનીયાલ (એલેકઝાંદીયહ), લુકમાન હકીમ, મૌ.ઝુલકરનૈન, મસ્જિદુલ અત્તારીન વગૈરહ સલવાતુલ્લાહે અલયહિમ અજમઇન.

પાછલા પાઁચ સાલોંથી મુમેનીન જૌક-દર-જૌક પૂરા જોશો ખરૌશ સાથે કરબલા-નજફ તરફ કસ્દ કરી રહ્યા છે. જે મુબારક જગાઓ જન્નતના બુકઅહ છે, ક્યારી છે, ટેકરી છે, નૂરાની બગીચા છે તેનાથી બરકતોં હાસિલ કરી રહ્યા છે. પણ મુમેનીનને એ તારીખ પણ ઝહેનમાં રાખવી જોઇએ કે, મિસ્રિ જ એક એવી જગા છે કે, જેમાં આલે હુસૈનના શાહઝાદા યાઅની અઈમ્મતે ફાતેમીયીને ૨૯૭ હિ. થી ૫૨૬ હિ. તક મુખ્તલિફ શહેરોની તાઅમીર કરીને એવી ઈન્સાફપસંદ હુકૂમતને કાઇમ કીધી કે, જેમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના કૌલે સાદિક મુજબ ફાતિમી ઈમામતનો સૂરજ તુલૂઅ થયો. જે શહેરોમાં મહેદીયહ, મન્સૂરીયહ અને અલ કાહેરતુલ મોઇઝ્ઝીયહ (હાલનું કૈરો) શામિલ છે. આજે પણ અપના ફાતેમી ઈમામોને તાઅમીર કીધેલા કિલ્લા, દરવાઝા, મસ્જિદો, કબ્રસ્તાન, દારૂલ હિકમત, મહેલો, દારૂલ ઈલ્મના જૂના આસાર તેની અસ્લી હાલતમાં મૌજૂદ છે. આજે પણ મુમેનીનેને આ આસારે ફાતેમીયહ અપના અઈમ્મતે હક્કની હુકૂમતે આલીયહ, ઈમારાતે શામેખહ અને અસરે મયમૂનનો જાહો હશમ, ઔજો બલંદી, ઈઝ્ઝતો જલાલ, શાનો અઝમતની યાદ અપાવી રહ્યા છે. કૈરો શહેરની એક ગલી કે જેમાં ફાતેમી દૌરના અકસર આસાર મૌજૂદ છે અને જેનું નામ મૌ.ઈમામ મોઇઝ સ્ટ્રીટ છે, તેમાં ચાલીએ તો એમ જ એહસાસ થાય કે, અપને મૌ.ઈમામ મોઇઝની હુકૂમતના દૌરમાં તે ગલીમાં ચાલી રહ્યા છીએ.

(બકીયાહ પેજ નં. ૪ ૫૨)

**“ હોદા ” શું છે? તે આકા અલીની વલાયતો ઉલ્ફત છે.**

(પેજ નં. ૧ નું બાકી)

ઝિંદગી છે. ઈમામુઝ્ઝમાન (અ.સ.) અને આપના ઈસ્તેતારના ઝમાનમાં આપના કાઈમ મકામ અને નાઈબ મનાબ દાઈએ હક્ક જ મુમેનીન ને દરમિયાન હિદાયતનું નૂર અને ઈલ્મ ની નહેર જારી કરીને સહી તૌર પર શહરૂલ્લાહ ના આઅમાલ અને એહકામની અદાએગી લોગોને કરાવી શકે છે. આપ જ આ તમામ અરકાનમાં સહી અને મુસ્તનદ એહકામ દાઅવતની કિતાબોમાં જે વારીદ થયેલા છે, તે લોગોને દરમિયાન બયાન કરી શકે છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઈલ્મના વારિસ જ નમાઝ, રોઝા, પાકી અને ઝકાતની અદાએગી ના તરીકાઓમાં જાઈઝ અને નાજાઈઝ અને એની અદબો અને શરતોને જુમલા તૌર પર મુઅમેનીને સમઝાવીને એની કઇ તરહ અદાયેગી કરવાની તેની રગબત આપે છે. જેથી હરએક નૈક અમલનો મુમેનીનને ખૈર સવાબ હાસિલ થાય અને અહલેબૈત (અ.સ.) ના મઝહબ મુજબ શહરૂલ્લાહના આઅમાલ બજા લાવે અને પહેલી તારીખથી ઈદુલ ફિતરના દિન તક જે જે ઈબાદતોના મરહલામાંથી મુમેનીનનો ગુઝર થાય અને રાહે ખુદામાં મેહનતો મશક્કત કરે એનો સવાબ હાસિલ થાય. દાઈએ હક્ક આ તમામની ફિકર રાખતા હોય છે. તે જ વાસ્તે સાહેબે દાઅવત શહરૂલ્લાહમાં મગરિબની નમાઝ પહેલા મુમેનીનને દરમિયાન વાઅઝો-નસીહત કરીને શરીઅતના અરકાનની નઝાકત બારીકબીનીથી આશકાર કરતા હોય છે. હર વરસે મુમેનીન ના જુમલા અને મજમઅ માં જદીદ મિસાકવાલા ફરઝંદો અને દુખ્તરો શામિલ થાતા હોય જેઓ શહરૂલ્લાહની ફઝીલત અને સવાબથી શાયદ વાકિફ ન હોય સાહબે દાઅવત હર ગૌશમાં નઝર દોરાવીને આસાન બયાની અને કલામી કરે છે.

આ મુબારક મહિનાના અજરો સવાબનો લહાવો લેવા અને આખેરતની દૌલત કમાવવા મુમેનીન એક પણ રોઝું ઝાયેઅ ના કરે, એક પણ ફરઝની નમાઝમાં કુસૂર ના કરે, એક પણ નિસ્ફિલ્લૈલની નમાઝમાં સુસ્તી ના કરે, એક પણ ખૈર અમલ બજા લાવવામાં કોતાહી ના કરે. અલ્લાહતઆલા પોતાના બંદાઓથી તેના આ મહિનામાં ઈબાદત અને નૈકીના ખ્વાસ્તગાર છે અને બંદા પોતાના રબથી આ અય્યામે નૂરાનીયહમાં બહેતરમાં બહેતર બદલાના કે જે તેઓને રહેમત, મગફેરત અને જન્નતની શિક્લમાં મિલશે તેના તલબગાર છે. હમારો ખાલિક હમને હમારી જેહાદના સબબ હસનત અતા કરનાર છે અને હમેં મખ્લૂક થઈને હમારા ખાલિકની ઈતાઅત વાસ્તે કમરબસ્તા છીએ. અલ્લાહતઆલા તું હમારા દાઈને કાઈમ દાઈમ રાખજે અને તે હમારા મૌલાની દીદમાં હમારી ઈદ કરજે. ✯

(પેજ નં. ૩ નું બાકી)

કાહેરા-કૈરો તે જ જગા છે કે, જ્યાંથી અપના ૨૧ માં ઈમામ મૌ.અત્તૈયેબ (અ.સ.) સતરમાં ગયા અને આ જ જગા પર ૨૦માં ઈમામ આપના બાવાજી મૌ.આમિર ની શહાદત વાકેઅ થઈ. મુમેનીન કરબલાએ મોઅલ્લા કે જે ઝમીનમાં મૌ.ઈમામ હુસૈન (અ.સ.) ના જિસ્મે મુબારક - નાસૂતે નૂરાની દફન છે, તેની બરકાતતો લે છે, મગર આપનું રાસ મુબારક જે ઝમીન પર દફન છે અને આપની આલે મુબારકના ઈમામો જે જગા પર હક્કની દાઅવત કાઈમ કરી ગયા હોય તે શહેર કાહેરાની ઝિયારતો નો પણ હવે કસ્દ કરવો જોઈએ. આ બરકાત એવી છે જે મુમેનીનને ઝિંદગી ભર ફૈઝ આપતી રહે છે. જે જગાઓ પર અપના ફાતેમી ઈમામો ખુત્બા પઢી ગયા હોય, ઈમામતની નમાઝ પઢાવી ગયા હોય, લોગોને નસીહત કરી ગયા હોય તે જગા પર જઈને નમાઝ પઢવી અને દોઆ કરવી, તે કેવી અઝીમ નેઅમત અને બલંદ ઈકબાલી મુમેનીનની કહેવાય.

ઈન્શાઅલ્લાહો તઆલા સૈયેદના સાહેબની દોઆઓથી મુમેનીન રાહે હક્કમાં અને ઝિયારતોથી ફૈઝયાબ થાવા પોતાની પાક દૌલતને આ મુકદ્દસ જગાઓનો મુશાહેદો કરવા ખર્ચ કરતા રહેશે. હર સાલ એવા કાફલા બનતા રહેશે, મુમેનીનની આખેરતનો હસીન સામાન તૈયાર થાતો રહેશે અને ઉખરવી કામિયાબીની મંઝિલ મુમેનીન ઝાએરીન બનીને હાસિલ કરતા રહેશે.

**યા અલી, યા હુસૈન, યા તૈયેબ.** ✯ (અશઆર.... પેજ નં ૭ પર)

**" હક્ક " શું છે ? તે આકા અલીના દર પર મોહતાજો ફકીર છે.**

**બહેતરમાં બહેતર રોઝું સખ્તમાં સખ્ત ગરમીમાં રખાય, તે છે.**

## ઈબરતનાક અહાદીસે બની ઈસ્રાઈલ - કિસ્સો ૨૯

**જે શખ્સ ખુદા અને ખુદાના રસૂલના દુશ્મન સામે જંગ કરે અને તેના પર ગઝબનાક થાય તો તે જાઇઝ છે, ન કે દીનાર-દૌલતના ખાતિર.**

શામના શહેરોંમાં બની ઈસ્રાઈલની કૌમ રહેતી હતી. તેમાં ઘણા લોગો તાજિર અને વેપારી હતા. દુનિયાના મોટા મોટા મુલ્કોમાં તેઓ વેપાર વાસ્તે આવ-જા કરતા હતા. તેમાંથી એક શખ્સ હિન્દુસ્તાનના શહેરોંમાં પોતાનો સામાન વહેંચવા અને હિન્દી સામાન ખરીદવા આવ-જા કરતો હતો. એક સફર દૌરાન એ એક મોટા શહેરમાં જઇ પહોંચો. જોયું કે એક કુશાદા મૈદાનમાં એક આલીશાન મેલો લાગેલો છે. તરહ-તરહના કરતબો, તમાશા, ખેલકૂદ, રમતબાઝી, બુતપરસ્તી, નાચગાન, જમવા-પીવાના અસ્બાબ અને મસ્તીબાઝીના ચક્કરોમાં લોગો મશ્ગૂલ છે. દુનિયાદારીના આ મંચ ને જોવા હઝારો લોગો તમાશબીન છે, તેની રંગીનીઓમાં ચકચૂર છે.

એ શામી તાજિરને થયું કે, લાવ હું આ મેલામાં થોડો વકત ગુઝારૂં અને જોવ કે લોગોનો આના પાછલ મકસદ શું છે ! પૂરી સાંજ એ મેલામાં ફિરતો રહ્યો અને જેવકત રાત પડી તો ઘણા બધા લોગો, ઔરતો, બુઝુર્ગો હાથમાં દીવો લઈને એક જગા પર જાતા જોયા. શામી શખ્સ પણ તેઓ સાથે જાવા લાગો. જોયું કે, તેઓ એક મોટા દરખ્ત આગલ ઊભેલા છે. દીવાઓ લઈને આવનાર લોગો તે દરખ્તને ઈર્દ-ગિર્દ ફિરીને તેને સજદો કરી રહ્યા છે. ઝોર-ઝોરથી નારાબાઝી કરી રહ્યા છે અને દરખ્ત નઝદીકથી થોડી-થોડી મીઠાશ લઈને રવાના થઈ રહ્યા છે. આ શિર્ક અને દરખ્ત-પરસ્તીનો મંઝર જોઈને શામીને ઘણો જ ગુસ્સો આવો. એં એક ધારદાર કુહાડી ખરીદી અને તે નાપાક દરખ્ત નઝદીક જઈને બેસી ગયો. ઈન્તેઝાર કરતો રહ્યો કે આ મેલો પૂરી થાય, લોગો વહાંથી ચાલા જાય અને હું આ મલઊન દરખ્તને તેના જડ માંથી કાપી નાંખું. જ્યારે રાત ઘણી ગુઝરી ગઈ, મૈદાનમાં અંધારૂં થઈ ગયું અને લોગો પણ પોત-પોતાના ઘરે ચાલા ગયા, તો શામી ઊઠો અને કુહાડીથી તે દરખ્તને કાપવા લાગો.

આ હંગામમાં એક બુઢો ઝઈફ શખ્સ એના નઝદીક આવો અને એના હાથમાંથી કુહાડી લઈ લીધી. કહેવા લાગો કે, તું આ શું કરી રહ્યો છે ? શામી શખ્સ તે ઝઈફ પર ગઝબનાક થઈને ચિલ્લાઈને બોલો કે, તું મને આ કામ કરવાથી ના રોક ! મેં આ મલઊન દરખ્તને કાપીને જ રહીશ. લોગો આ દરખ્તના સબબ ખુદાતઆલાને ભુલી ગયા છે અને ખુદાને છોડીને આ દરખ્તની પૂજા કરી રહ્યા છે. ઝઈફ એ શામીનો જુસ્સો અને ગુસ્સો જાઈને દંગ રહી ગયો અને મનમાં ને મનમાં સોચવા લાગો કે, લાવ ! હું આ શામી જવાનનો ઈમ્તેહાન લઉં.

ઝઈફે કહ્યું કે, અય શામી મુસાફિર ! તું આ બધું છોડ. તું તો મુસાફિર છે. તું ને આ દરખ્ત કાપીને શું મિલશે ? તું તિજારત કરવા યહાઁ હિન્દુસ્તાન આવેલો છે. તુંને દૌલત સિવાય બીજો કોઇ મતલબ ન હોવો જોઇએ. ઝઈફે એક થેલી કાઢી અને શામી તાજિરના હાથમાં મુકી દીધી. કહ્યું કે, આ થેલી દીનારથી ભરેલી છે. તું આ લઈ લે અને યહાઁથી ચાલો જા. જો લોગોને તારા ઈરાદાની ખબર પડશે તો તુંને કત્લ કરી દેશે. બીજું એ કે તું જહાઁ તક આ શહેરમાં છે વહાઁ તક તુંને રોઝ સવારે આ જ મુજબના દીનાર તારા માથાના નઝદીકથી મિલી જાશે. શામી તાજિર તો ખૂબ ખુશ થઈ ગયો અને કુહાડી ફેંકીને ચુપચાપ ત્યાંથી ચાલો ગયો.

બીજા દિન સવારે જે વક્ત શામી ઉઠો અને પોતાના બિસ્તરને તપાશું તો એને માથા નઝદીકથી કઇ ન મિલું. એક દીનાર પણ ન હતો. થોડા અય્યામ ઈન્તેઝાર કીધો પણ પછી એને લાગું કે તે ઝઈફે એના સાથે મકર કીધો છે. એના ગુસ્સાનો કોઈ પાર ન રહ્યો અને બાઝાર માંથી એક બીજી કુહાડી ખરીદી કે, તેનાથી તે ઝાડને કાપી નાંખે. જે વક્ત અડધી રાત થઈ કે શામી કુહાડી લઈને દરખ્તને કાપવા તે મૈદાનમાં પહોંચી ગયો. તૈયારીમાં હતો કે, દરખ્ત પર વાર કરે. તે જ વક્ત ઝઈફ

(બકીયાહ પેજ નં. ૬ પર)

**" કિતાબ " શું છે ? તે આકા અલીની હક્કાનીયતની શહાદતોની નિશાની છે.**

## કિસ્સો : મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની કરમબખ્શી

એક જંગ દૌરાન આકા અલી (અ.સ.) એ એક કાફિરને પકડો અને તેને ઘોડા પરથી લેવજહિલ્લાહ-ખુદાતાઆલાનો હક્ક સાબિત કરવા ઝમીન પર પછાડી દીધો. જે વક્ત આપ મૌલા આપના ઘોડા પરથી તેને કત્લ કરવાના ઈરાદાથી ઉતરા તો તેએ આપના ચહેરા મુબારક પર થૂંકી દીધું. આપે તેનો કબ્ઝો છોડી દીધો અને ઝુલફિકારને તેની ગરદન પરથી હટાવી દીધી. તે બેઅદબ કાફિરને આપે કહ્યું કે, અય બેઈમાન બેનસીબ શખ્સ ! તું ઉઠ, કેમકે, આજે તારી ગરદન મારી તલવારથી આઝાદ છે. તે કાફિર તઅજ્જુબમાં પડી ગયો અને કહેવા લાગો કે, અય અલી ! મેં તો સાંભલું છે કે, તમારી તલવારથી કોઇ કાફિર છટકીને જઇ શકતો નથી. પછી મારા સાથે આ સુલૂક કેમ ?

આકા અલી એ જવાબ આપો કે, મારા ખુદાની ખાતિર અને તેના કલેમાને બલંદ કરવા મેં તુંને તારા ઘોડા પરથી પછાડો હતો કે, મેં લેવજહિલહ જેહાદ કરવા તુંને ખત્મ કરી દઉં. હવે જે વક્ત તુંએ મારા ચહેરા પર થૂંકી દીધું તો મને મારી બેઇઝઝતીના સબબ તારાથી બદલો લેવા ઝાતી ગુસ્સો આવી ગયો. આ ગુસ્સો મારા વાસ્તે હતો. મેં તુંને છોડી દીધો કેમકે આ જેહાદ ખુદા તરફથી છે અને જેહાદ વાસ્તે જે પણ કોઇ અમલ કરૂં છું તે ખાલિસ ખુદાતઆલાની ખુશનૂદી અને તેના હુકમ મુજબ અમલ કરૂં છું.

જે વક્ત કાફિરે આપ મૌલાના આ કલામ સાંભલા તો તે ખૂબ મુતઅસ્સિર થયો. તેના દિલો ઝમીરમાં ઈમાનના નૂરનું નુક્તું દાખિલ થયું. આપ મૌલાના હાથ પકડીને બેવે ગુંઠણ પર નમીને આપથી મુઆફી તલબ કરવા લાગો. ઈસ્તિગફાર કરવા લાગો અને પોતાના અમલ પર શરમિંદા થયો. આપે તેને ગલે લગાવી દીધો. મુઆફ કરી દીધો. તે શખ્સ આપ મૌલાના હાથ પર ઈસ્લામો ઈમાનથી મુશર્રફ થયો અને આપની દોઆના સબબ મુખ્લેસીન મુમેનીનના ઝુમ્રા માં શરીક થઇ ગયો. જંગમાં ખૂબ જાઁફિશાની બતાવી અને આખિરકાર જેહાદ કરતા કરતા જામે શહાદત નૌશ કીધું. સલવાતો સલામ મૌલાના અલી (અ.સ.) અને આપની આલે અત્હર પર. ✯

---

(પેજ નં. ૫ નું બાકી)

અચાનક એના સામે આવીને ઊભો રહ્યો અને એને હવામાં ઉછાલીને ઝમીન પર પટકી દીધો અને એની છાતી પર જઇને બેસી ગયો. શામીના મૂઁહ પર થુંકો, તમાંચા મારા અને ધમકી આપી કે, અય શામી લાલચખોર ! હું તુંને કત્લ કરી નાખીશ. શામી મુસાફિર હૈબતમાં આવી ગયો, રોવાં લાગો અને કહ્યું કે, અય શૈખ ! તું કોન છે ? ઝઈફે કહ્યું કે, અય બદબખ્ત ! મેં તે જ છું કે જેએ તારા બાવા આદમને જન્નતમાંથી નિકાલા અન ખુદાના ગુસ્સાના શિકાર કીધા. હું શયતાન છું. હું ઇબ્લીસ છું.

શામી બોલો કે, અય દુશ્મને ખુદા ! અય મુશ્રિકે અવ્વલ ! તુંને મારા સાથે આમ કેમ કીધું ? મારા હાથમાં દીનારથી ભરેલી થેલી શું કામ આપી ? ઈબ્લીસ, જે ઝઈફ શખ્સ બનીને આવો હતો, કહ્યું કે, હવે સાંભલ ! જે વક્ત પહેલી વાર તું કુહાડી લઇને આવો હતો અને ગુસ્સામાં ને ગુસ્સામાં તું તે દરખ્ત કાપી નાંખવા પર આમાદહ થયો હતો તે વક્ત તારો ગુસ્સો ખુદાની વેહદાનીયત વાસ્તે હતો, તેની ઈબાદત વાસ્તે હતો. આ તારા ઈરાદાના સબબ તારા સાથે ખુદાની રહેમત હતી અને ઈન્સો જિન્ન માંથી કોઇ પણ તુંને માત આપી શકે એમ ન હતું. તું તમામ પર ગાલિબ હતો, હાવી હતો અને તારી નિય્યતમાં ઈખ્લાસ ભરેલો હતો.

હવે, અય શામી ! મારા પાસેથી દીનારા લઈને, તેને હાસિલ કરાવાની લાલચમાં જે વક્ત તું બીજી વાર દરખ્તને કાપવા કુહાડી લઈને આવો તો તારો ગુસ્સો ખુદા વાસ્તે ન હતો. પણ તુંને ફજરમાં તારા બિસ્તર નઝદીક દીનાર ન મિલા તેના વાસ્તે હતો. તારો પહેલો ગુસ્સો બિલા-ગરઝ હતો અને બીજો ગુસ્સો ગરઝે દીનાર હતો. તારા પહેલા અમલ પર તારો ખુદા તારાથી રાઝી હતો અને આજે હું તારાથી રાઝી છું. કેમકે, આજે તું મારા કબ્ઝામાં છે અને તારા રબના ગઝબના ફંદામાં છે. તું તારી ખૈરીયત ચાહતો હોય તો યહાઁથી ફૌરન દફઅ થઇ જા. નહીં તો આજે તારો મારા હાથે ખાતમો નક્કી છે. શામી થરથર કાંપવા લાગો અને જોયું કે એની ભલાઇ વહાઁથી ચાલા જાવામાં જ છે. ઈબ્લીસ શામીના સીના પરથી ઉતરો અને એ શામી તાજિર નાઉમ્મીદ થઈને, હારેલા ચહેરે ત્યાંથી ફૌરન રફૂચક્કર થઇ ગયો અને રહેમતે ખૂદાવંદીથી મહેરૂમ રહી ગયો. ✯

**“ મુત્તકીન “ કૌન છે ? તેઓની ઝિંદગીના હર લમહાત આકા અલીની માઅરેફત સાથે વાબિસ્તા છે.**

## દરે હઝરતે ફખરીયહ
### ઉર્સ : ૨૦ શવ્વાલ, બુસ્તાને બદરી

જો યાદે ફખરૂદ્દીં સે દિલ કો બેહલાયા નહીં કરતેં,
હકીકત મેં વો લુત્ફે ઝિંદગી પાયા નહીં કરતેં.
જબાં પર ફખરૂદ્દીં સરવર કા જિસકે નામ રહેતા હૈ,
વો દુનિયા મેં કિસી ભી ગમ સે ઘભરાયા નહીં કરતેં.
યે હે દરબારે ફખરૂદ્દીં યહાઁ મિલતા હે બિન માંગે,
અરે નાદાઁ યહાઁ દામન કો ફેલાયા નહીં કરતેં.
સજા લે દિલ કી દુનિયા બાગે ઇશ્કે સરવરે દીં સે,
હે ઇસમેં ફૂલ ઐસે ખિલ કે મુરઝાયા નહીં કરતેં.
યે શબ હે ઉર્સે મૌલા કી યહાઁ અપનો કા ક્યા કહેના,
યહાઁ સે હાથ ખાલી ગૈર ભી જાયા નહીં કરતેં.
અરે ઓ નાસમઝ કુરબાન હો જા ઇનકે રૌઝે પર,
યે લમ્હેં ઝિંદગી મેં બારબાર આયા નહીં કરતેં.
અલી કે જાઁનશીં કી શાને રહેમત તો ઝરા દેખો,
સિતમ સહેતે તો હૈં લેકિન સિતમ ઢાયા નહીં કરતેં.
જો ઇનકે દામને રહેમત સે વાબિસ્તા હે અય મુમિન,
કિસી કે સામને વો હાથ ફૈલાયા નહીં કરતેં. ✮

## નસીહત
### ઇલ્મ કે નૂર સે ઇન્સાઁ કો સજાયા જાયે

બરસરે મિમ્બરો મહેરાબ સુનાયા જાયે,
દીન, બેદીનોં કે હાથો સે બચાયા જાયે.
ખ્વાબે ઝુલમાત સે જાગો મેરે પ્યારો જાગો,
આઇના ઇલ્મ કા હર ઘરમેં સજાયા જાયે.
સંગે બુનિયાદ મેં કામ આયા અલી કા હી લહુ,
ઉનકે કદમો કે નિશાઁ કો ન મિટાયા જાયે.
ઇલ્મ કી સુબ્હ નમૂદાર હો હર એક દિલ મેં,
જોહલ કી ધૂપ સે કલીયોં કો બચાયા જાયે.
એક બનને કી સદા, નૈક બનાદે શાયદ.
નૈક હો એક તો શયતાં કો ભગાયા જાયે.
ગુલ્શને ઇલ્મ કા એક ફૂલ હે અલવી મુમિન,
તેહસીલે ઇલ્મ કો પરવાન ચઢાયા જાયે.
હર જગા સે યે સદા આતી હે હરદમ હરપલ,
ઇલ્મ કે નૂર સે ઇન્સાઁ કો સજાયા જાયે. ✮

રૌઝહ મેરે મૌલા કા ક્યા ખૂબ હે નૂરાની,
કરતેં હૈં મલક આકર ફિરદૌસ સે દરબાની.
ક્યા જલ્વા હે મૌલા કા કે શાહો ગદા સારે,
મરકદ પે ઝુકાતેં હૈં, આદાબ સે પૈશાની.
યે આબિદો ઝાહિદ ઔર થે સજદાફુના મૌલા,
થે ઇલ્મ મેં યકતા ઔર હિકમત મેં થે લાસાની.
બરકાત સે ભરતેં હૈં દામન સભી ઝાઇર,
મરકદ પે સદા નાઝિલ હે રેહેમતે રેહેમાની.
મકસદ મેરા દિલવાઓ, રેહેમત કે ધની હો આપ,
ઝોલી યે મેરી મૌલા, ભર દેના જો હે ખાલી.
જન્નત કા નમૂના હે રૌઝહ મેરે મૌલા કા,
દરબાર યે આકા હે, સરકાર યે હે આલી.
ક્યા શાનો તજમ્મુલ હે મૌલા તેરે રૌઝે કી,
હર શખ્સ કે લબ પર હે પુરજોશ સના-ખ્વાની.
બુસ્તાન યે દાઅવત કા અબ ક્યૂં ન ફલે ફૂલે,
હાતિમ ઝકી મૌલા જબ, કરતેં હૈં નિગેહબાની. ✮

## તિજારત


**Unique Collection**
**(All Electronic & LED Products)**
LED T5 Tube Lights / T5 Tube Lights
LED Bulbs / LED Panel Lights
Light/Fan On/Off with Remote Control
Switches Accessories / CFL Lights
Emergency Lights / Emergency Solar Lights
Bluetooth Speakers / Water Fountain Speakers
Extension Boards and other electronic products
Contact :
**Umallawala Mohammadhusain**
Shop No.2, Sai Arpan Complex,
Next to Alpana Talkies, Pratapnagar Road,
Vadodara. **M.: 9998769628**

**યા અલી મદદ**
" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "
**ભાઇસાહેબ ઇબ્રાહીમ**
**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.
**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**
**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩**


**" શરીઅત " શું છે? તે ઝેહાદના મિનાર છે કે જેને બલંદ કરનાર આકા અલી છે.**

## ઈદ આઈ મુમિનોં

હમ્દ કી બરકાત લેકર ઇદ આઇ મુમિનોં,
શુક્ર કે સજદાત લેકર ઇદ આઇ મુમિનોં.
ચહેરએ હાતિમ ઝકી મૌલા હિલાલે ઇદ હે,
ફિત્ર કી સૌગાત લેકર ઇદ આઇ મુમિનોં.
કદ્રવાલી રાત મેં કી મેરે મૌલાને દોઆ,
નક્દ ઇન્આમાત લેકર ઇદ આઇ મુમિનોં.
હો ગયે આઝાદ હમ નારે જહન્નમ સે ચકીં,
બરકતો સલવાત લેકર ઇદ આઇ મુમિનોં.
ગુલશને દાઅવત મેં આઇ હે બહારે જાઁફિઝાં,
મૌસમે બરસાત લેકર ઇદ આઇ મુમિનોં.
રોઝાદારોં મે ઉઠા હે તેહનીયત કા ગુલગુલા,
તોહફએ નગમાત લેકર ઇદ આઇ મુમિનોં.
વલવલા દીદારે મૌલાના ઝકી કા હે હમેં,
હાસિલે જઝબાત લેકર ઇદ આઇ મુમિનોં. ✫

## વલાયત

વલાયત હે દાઈએ હક્ક કી ઈબાદત,
વલાયત સે મિલતી હે સબકો સઆદત.
વલાયત સે ખાલી હે જો દિલ વો બેશક,
વિરાસત મેં ઉસકો મિલેગી ખબાસત.
વલાયત સે હોતી હે પૈદા લતાફત,
વલાયત સે બઢતી હે દિલ મેં ફસાહત.
નજાતી અગર ચાહીએ ઈસ જહાઁ મેં,
કરો ઈબ્ને હયદર કી દિલ સે મોહબ્બત.
કરામત મિલેગી ઉસે હશ્ર મેં જબ,
કરેગા જો આઅદાએ દીં સે બરાઅત.
કરો લાખ એહસાન દુશ્મન પે લેકિન,
ન વો દૂર દિલ સે કરેગા અદાવત.
નજાસત, ખબાસત, જેહાલત, અદાવત,
હે ઈબ્લીસો શયતાં કી યે સબ અલામત.
મોહિબ્બ જો હે હાતિમ ઝકી કે બિલા શક,
ઉસી કે લિયે ખુલ્દ કી હે બશારત.
કરેગા અય ઝાકિર જો તું મદહે મૌલા,
કે ઉનકી હી મિદહત હે ખાલિસ ઈબાદત. ✫

## બરકતોં કી બારિશ

મુમિનોં કે વાસ્તે રહેમત કી ઘડીયાઁ આ ગઈ,
મગફેરત કી દોનો આલમ પર ઘટાએં છા ગઈ.
તેરી ચાહત કે તસદુક મિલ ગયા કુરબે ખુદા,
અર્શ કી બાતેં હમારી કુછ સમઝ મેં આ ગઈ.
તેરે સદકે મેં હમારા રિઝક દુગના હો ગયા,
તેરી રાતેં બરકતોં કી બારિશેં બરસા ગઈ.
વો સહેર કા વક્ત હો કે શામ કા ખુશતર સમા,
સાહેબે રૌઝા કી સાઁસે દહેર કો મહેકા ગઈ. ✫

**નોંધ : મિશકાતુલ-હાદી** ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમ ટી. બરોડાવાલા પાસેથી કારેઈન હાસિલ કરી શકે છે. ✫

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.